અપીલ અરજી નં.૧૦૬ તા.૧૫–૭–૦૯/૧૦

અરજદારઃ– શ્રી અમરતભાઈ જે. પટેલ

સામાવાળાઃ–એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અમરતભાઈ જે. પટેલની તા.૮–૬–૦૯ ની અરજીથી લીંબાયતઝોનમાં સુડાએ પ્લાન મંજુર કરેલ હોય અને એસ.એમ.સી એ પ્લાન મંજુર કરેલ હોય તેવી કુલ કેટલી સંખ્યામાં નવી સોસાયટીઓના બાંધકામ ચાલુ છે જેમાં કેટલી સોસાયટીઓનું બાંધકામ લે આઉટ પ્લાન વિરુધ્ધ માર્જીન દબાણ કરી બાંધકામ થઈ રહેલ છે? લીંબાયત વિસ્તારમાં ચાલતાં નવા બાંધકામ બાબતે તંત્ર માહિતગાર છે કે નહીં? તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૫–૭–'૦૯ ની અપીલ અરજી નં.૧૦૬/૨૦૦૯–૧૦

શ્રી અમરતભાઈ જે. પટેલની તા.૮–૬–૦૯ ની અરજીથી લીંબાયતઝોનમાં સુડાએ પ્લાન મંજુર કરેલ હોય અને એસ.એમ.સી એ પ્લાન મંજુર કરેલ હોય તેવી કુલ કેટલી સંખ્યામાં નવી સોસાયટીઓના બાંધકામ ચાલુ છે જેમાં કેટલી સોસાયટીઓનું બાંધકામ લે આઉટ પ્લાન વિરુધ્ધ માર્જીન દબાણ કરી બાંધકામ થઈ રહેલ છે? લીંબાયત વિસ્તારમાં ચાલતાં નવા બાંધકામ બાબતે તંત્ર માહિતગાર છે કે નહીં? તેની માહિતી આપવા બાબતે માંગેલ માહિતીના મુદ્દા સાથે સુસંગત નથી અને અધૂરી માહિતી પૂરી પાડેલ છે તેવું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૭–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૨૧ તા.૨૩–૭–૦૯ થીએડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૫૬૩ તા.૧૦–૮–૦૯ થી પૂરક વિગતો મળેલ છે.

અરજદારની તા.૮–૬–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ (અ) લીંબાયતઝોન વિસ્તારમાં વર્તમાન સમયમાં સુડાએ પ્લાન મંજુર કરેલ હોય તેવી અને મહાનગરપાલિકાએ પ્લાન મંજુર કરેલ હોય તેવી કુલ કેટલી સંખ્યામાં નવી સોસાયટીઓના બાંધકામ ચાલુ છે જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૦૭૬ તા.૬–૭–૦૯ થી અરજદારને માહિતી પૂરી પાડયાની નકલ અત્રે રજૂ કરેલ છે. જે અનુસાર હાલમાં સુડાએ તથા સુરત મહાનગરપાલિકામાં પ્લાન પાસ કરાવેલ કુલ ૪૧ નવી સોસાયટીમાં બાંધકામ ચાલુ જણાયેલ છે. મુદ્દા નં.૧(બ) હાલમાં બાંધકામ ચાલતુ હોય તેવી બધી સોસાયટીઓમાંથી કેટલી સોસાયટીમાં બાંધકામ મંજુર કરાયેલ લે આઉટ પ્લાન વિરુધ્ધ અને માર્જીન દબાણ કરી ગેરકાયદેસર થઈ રહયું છે. જેમાં જાહેર માહિતી અધિકારીએ કુલ ૧૨ સોસાયટીઓમાં મંજુર લે આઉટ પ્લાન વિરુધ્ધ બાંધકામ ધ્યાને આવેલ છે. મુદ્દાન ં.૧(ક) લીંબાયત વિસ્તારમાં ચાલતાં નવા બાંધકામ બાબતે તંત્ર માહિતગાર છે કે નહીં તેની માહિતી માંગવામાં આવેલ. જે અંગે મુદ્દા નં.૧ (અ) માં જણાવેલ માહિતીથી તંત્ર માહિતગાર છે તથા સદર માહિતી સબંધિત વિસ્તારના કર્મચારી ધ્વારા રોજબરોજના વિસ્તારમાં રાઉન્ડ દરમ્યાન ધ્યાને આવેલ સ્થળ સ્થિતિને આધારે આપવામાં આવેલ છે. આ બાબત અંગે સંપૂર્ણ ચોકસાઈ સહિતની માહિતી જરૂરી સર્વે કરીને આપી શકાય જે ઘણો સમય માંગી લેતી કાર્યવાહી છે તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારે મુદ્દા નં.૧(બ) આપેલી માહિતી પૈકી કેટલી સોસાયટીમાં લે આઉટ પ્લાન વિરુધ્ધ અને કેટલી સોસાયટીમાં માર્જીનમાં દબાણ કરી ગેરકાયદેસર બાંધકામ થઈ રહયા છે તેવી વિગતની અલગ અલગ માહિતી માંગેલ તે મુજબ અપાયેલ નથી પરંતુ કુલ્લે મળીને ૧૨ સોસાયટીની સંખ્યા જણાવવામાં આવેલ છે તેવું જણાવી અપીલ તબકકે રજૂઆત કરેલ છે. અરજદારે વધુમાં જાહેર માહિતી અધિકારીએ આપેલી માહિતી સંપૂર્ણ સર્વે કરીને આપી શકાય તે બાબતે સમય માંગી લ ે તેવી કાર્યવાહી જણાવેલ છે. તે અંગે અરજદારે ચોકકસાઈપૂર્વક વર્ણન માંગેલ નથી પરંતુ ફકત સંખ્યા માંગેલ છે અને જે એક બે દિવસમાં કરીને આપી શકાય તેવું જણાવી રજૂઆત કરેલ છે. જે આરટીઆઈ કાયદા સાથે સુસંગત નથી. આરટીઆઈ એકટની કલમ ૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે જે અનુસાર અરજદારને દફતરી ઉપલબ્ધ અને હકીકતલક્ષી માહિતી પૂરી પાડવામાં આવેલ જણાય છે.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પાડવામાં આવેલ હોય અપીલ અંગે કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવાપાત્ર થાય. તેમ છતાં કાયદાના હાર્દ અને જોગવાઈ ધ્યાને લઈ અરજદાર ઈચ્છુક હોય તો "અધૂરી માહિતી" પૂરી પાડયાના સમાધાન અર્થે જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં સપંર્ક કરી આપેલ માહિતી ધરાવતાં દફતરની તપાસણી આગોતરો સમય મેળવી કરી શકે છે. જે અંગે આરટીઆઈ નિયમ–૫ હેઠળ ઠરાવેલ ફી લાગુ કિસ્સામાં તેમણે ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી તેવી માંગણી થયે અમલવારી કરવા એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮ – ૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) એડીશનલ સીટી ઈજનેર અને અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી અમરતભાઈ જીવરામભાઈ પટેલ,